
NAVSARI AGRICULTURAL UNIVERSITY

# લેપ્ટોસ્પાયરોસીસ
# LEPTOSPIROSIS




:: લેખક ::


કૃષિ વિજ્ઞાન કેન્દ્ર
નવસારી કૃષિ યુનિવર્સિટી
દેડીયાપાડા - ૩૯૩ ૦૪૦, જિ. નર્મદા

# લેપ્ટોસ્પાયરોસીસ રોગ અને સારવાર

## લેપ્ટોસ્પાયરોસીસ શું છે ?

લેપ્ટોસ્પાયરોસીસ એ જીવલેણ રોગ છે. લેપ્ટોસ્પાયરોસીસ લેપ્ટોસ્પાયરા નામના જીવાણુંઓથી પ્રાણીઓ મારફતે માણસોને થતો રોગ છે. આ રોગ સૌ પ્રથમ ઈ.સ. ૧૮૮૬માં એડોલ્ફ વેઈલ નામના વૈજ્ઞાનિકે નોંધ્યો હતો. ગુજરાતમાં આ રોગની શરૂઆત ઈ.સ. ૧૯૯૪માં નવસારી જીલ્લાના ચીખલી તાલુકામાંથી થઈ હતી. આ રોગ દક્ષિણ ગુજરાતમાં વલસાડ, નવસારી, તાપી તથા સુરત જીલ્લામાં ચોમાસા દરમ્યાન વધારે પ્રમાણમાં જોવા મળે છે. ડાંગર અને શેરડીના ખેતરોમાં કામ કરતાં ખેતમજૂરો અને પશુપાલનનાં વ્યવસાય સાથે સંકળાયેલા લોકોને આ રોગ થવાની શક્યતા વધુ હોય છે. લેપ્ટોસ્પાયરોસીસના કેસ જુલાઈ માસથી નવેમ્બર માસની શરૂઆત સુધી જોવા મળે છે. સૌથી વધુ પ્રમાણ ઓગસ્ટ અને સપ્ટેમ્બર મહિનામાં જોવા મળે છે. આ રોગ ૨૫ થી ૪૫ વર્ષની ઉંમર વચ્ચે વધુ પ્રમાણમાં જોવા મળે છે.








## લેપ્ટોસ્પાયરોસીસ રોગ કેવી રીતે ફેલાય છે ?

- ચેપી ઉંદર કે પશુઓના પેશાબથી દૂષિત થયેલ જમીન, કાદવ કે પાણી, માણસની ચામડીના સંપર્કમાં આવવાથી તથા આવું પાણી મોં, નાક અને આંખના સંપર્કમાં આવવાથી જંતુઓ માણસના શરીરમાં દાખલ થવાથી આ રોગ થઈ શકે છે.
- રોગિષ્ઠ પશુઓના પેશાબ દ્વારા પણ આ રોગ થઈ શકે છે.
- ગર્ભપાત થયેલ જાનવર પણ આ રોગના ફેલાવા માટે જવાબદાર હોય છે.
- આ રોગના પ્રસારમાં ઉંદર અને પાલતુ પશુઓ જેવા કે ગાય, ભેંસ, બકરાં, ઘેંટા કે રખડતા પશુ (ડુક્કર, કૂતરા) તેમજ વન્ય પ્રાણીઓ(હરણ, શિયાળ)મહત્ત્વનો ભાગ ભજવે છે.
- જમીન અને પાણીનો આલ્કલાઈન પી.એચ.તેમજ ભેજવાળું વાતાવરણ આ રોગના જીવાણુંઓને લાંબા સમય સુધી જીવંત રાખવામાં અગત્યનો ભાગ ભજવે છે.

## લેપ્ટોસ્પાયરોસીસ રોગના લક્ષણો :



લીવર પર અસર



માથામાં દુ:ખાવો

- ➢ તાવ આવવો
- ➢ શરીરની માંસપેશીઓમાં દુ:ખાવો
- ➢ માથાનો સતત દુ:ખાવો
- ➢ પગ અને કમરમાં દુ:ખાવો
- ➢ આંખમાં લાલાશ દેખાય
- ➢ શ્વાસ લેવામાં તકલીફ, ખાંસી થવી (ફેફસાં પર અસર)
- ➢ ખૂબ જ થાક લાગવો
- ➢ પેશાબ ઓછો થવો કે લાલ કલરનો થવો (મૂત્રપિંડ પર અસર)
- ➢ ૩ થી ૪ દિવસ બાદ કમળો થવો (લીવર પર અસર)
- ➢ છાતીમાં દુ:ખાવો થવો (હૃદય પર અસર)
- ➢ માનસિક અવસ્થામાં ફેરફાર



આંખમાં લાલાશ



કમળો



કીડની પર અસર

## લેપ્ટોસ્પાયરોસીસથી બચવા આટલું કરો:

- ➢ લેપ્ટોસ્પાયરોસીસ રોગના લક્ષણો દેખાય કે તરત જ વિલંબ કર્યા વિના નજીકના દવાખાનનો સંપર્ક કરી તપાસ કરાવો અને સારવાર શરૂ કરો.
- ➢ ખુલ્લા પગે અથવા પગમાં કે હાથમાં ઈજા હોય કે વાઢીયા/ચીરા પડ્યા હોય તો કાદવ-કિચડવાળી જગ્યાએ, કોઢારમાં સાફ-સફાઇ કરવા અથવા રોપણી કે નીંદણ કરવા જાવ ત્યારે પગે એન્ટીસેપ્ટીક મલમ લગાડીને જવું.
- ➢ શક્ય હોય તો ખેતરમાં કામ કરતાં ગમબૂટનો ઉપયોગ કરવો.
- ➢ ખેતીકામ કર્યા બાદ કે પશુઓના કોઢાર/ગમાણમાં કામ કર્યા બાદ તરત જ સાબુ લગાવી ગરમ પાણીથી હાથ-પગ બરાબર સાફ કરવા.

- ખેતીકામ માટે પાણીવાળા ખેતરમાં જરૂરી કામનાં સમય પૂરતો જ પ્રવેશ કરવો.
- ખૂબ જ અગત્યનું પાસુ એ ઉંદરોનું નિયંત્રણ છે.
- ઉંદર કે પ્રાણીઓના મળ-મૂત્રથી ખોરાક/પાણી દૂષિત ના થાય તે માટે કાળજી રાખો.
- ગંદકી કે નહેર વિસ્તારનાં પાણીમાં નહાવું નહીં કે ખુલ્લા પગે પસાર થવું નહીં.
- રોગગ્રસ્ત પશુઓના મળ-મૂત્રનો યોગ્ય નિકાલ કરવો.
- એંઠવાડ તેમજ બગડેલા શાકભાજી ગમે ત્યાં ફેંકી ન દેતા યોગ્ય નિકાલ કરવો અને સ્વચ્છતા જાળવો.
- ખેતરમાં સ્વચ્છતાના કડક પગલાં લેવા. રોગગ્રસ્ત વિસ્તારમાં યોગ્ય જંતુનાશક દવાનો ઉપયોગ કરવો અને વિસ્તારને સ્વચ્છ રાખવો.
- ડુક્કર, ઘેંટા, બકરાંને ગાય-ભેંસ જેવા પશુથી દુર રાખો.
- પ્રાણીઓ માટેના ખાણ-દાણ રાખવામાં આવતા હોય તેવી જગ્યાએ ઉંદર પ્રવેશી શકે નહીં એવી વ્યવસ્થા કરવી.

**લેપ્ટોસ્પાયરોસીસ રોગથી બચવા માટે જાણકારી, સમયસર નિદાન અને સારવાર જરૂરી છે.**



સાબુથી હાથ પગ સાફ કરવા



સમયસર દવા લેવી.





કામ કરતી વખતે મોજા તથા ગમબુટનો ઉપયોગ કરવો.